BAOU Education for All

Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

BAOU CATEGORY 1 UNIVERSITY UGC

# લોક પત્રિકા

અમદાવાદથી પ્રસિધ્ધ થતુ વિશ્વસનીય ગુજરાતી દૈનિક



અમીરગઢ તથા જેન્ડર રિસોર્સ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી કચેરીના સંકલનમાં અમલી "સેતુ કાર્યક્રમ" એક દિવસીય કાર્યશાળા અને અભિમુખતા પરિચય બેઠક યોજાઈ. જેમાં કોલેજના પ્રા.ડો.મંજુલાબેન પરમારે પ્રાસંગિક અને શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. અને કોલેજના પ્રા.ફરહીના શેખ અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના થકી કાર્યક્રમ શરૂ કર્યો હતો. ત્યાર પછી સુ.શ્રી મૈત્રીબેન ત્રિવેદી લીગલ આસી.પ્રો.ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદના મુખ્ય વક્તાશ્રીએ જેન્ડર રિસોર્સ, મહિલા અને બાળ વિકાસ અંગે કાયદાકીય અને મહિલા સુરક્ષા અંગે વિસ્તૃત માહિતી આપીને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ત્યાર બાદ શ્રી વીરભદ્રસિંહ પી. ગોહિલ સુપ્રિટેન્ડેન્ટ,જિલ્લા જેલ -પાલનપુરના વક્તા શ્રીએ મહિલાઓના આત્મ રક્ષણ તેમજ મહિલાના ઘરેલુ હિંસા અટકાયત કાયદો અને કાયદાના ભંગની સજાની જોગવાઈ વિષે માહિત આપી હતી. ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદના કુલપતિ શ્રી પ્રો. ડો. અમીબેન ઉપાધ્યાયા મેડમે અધ્યક્ષીય ઉદ્દબોધનમાં જેન્ડર રિસોર્સ, મહિલા અને બાળ વિકાસ માટે જરૂરી પગલાં અને વિકાસના પાસાંઓની સમજૂતી આપી હતી. અને દૂરવર્તી શિક્ષણ અને ઓપન યુનિવર્સિટીની પ્રણાલિકા વિષે વિદ્યાથીઓને માહિતગાર કર્યા હતા. તેમજ પ્રો.પ્રિયાંકી વ્યાસ,BAUO લાયબ્રેરી, બોર્ડ મેંબર, ડો. નિશા જોશી ડિરેક્ટર SD પ્રાદેશિક કેન્દ્ર પાટણના ડો.કિંજલ બેન, અને આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન માટે પ્રા.મુકેશ કુમાર અને પ્રા. હિરેન ચૌધરી, ડો.મહેશ ભાઈ પ્રજાપતીએ ભૂમિકા ભજવી હતી. કોલેજ સ્ટાફ પરિવાર અને કુલ 298 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્ય શ્રી ડો નયન કે. સોનારાના માર્ગદર્શન હેઠળ હિન્દી વિભાગ અધ્યક્ષ શ્રી ડો. નરેશભાઈ જોશી અને સમાજશાસ્ત્ર વિભાગ અધ્યક્ષ શ્રી ડો. નિતિનભાઈ જાદવ અને પ્રા.ભૂપેન્દ્ર ભાઈ ચડોખિયાએ કર્યું હતું. આ કાર્યક્રમની આભાર વિધિ ઇન્ચાર્જ પ્રાદેશિક કેન્દ્ર BAOU પાલનપુરના ડો.સોનલ બેન ચૌધરીએ કરીને કાર્યક્રમને પૂર્ણ કર્યો હતો.

"લોક પત્રિકા" "અમદાવાદ આવૃત્તિ"

તારીખ : 19/02/2025